મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા
મુખ્ય ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.

**ફોજદારી કેસ નં.૨૫૬૯/૨૦૨૩.**

**આંક–૧૦.**

**ફરિયાદી** :– **ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન.**

**: વિરૂધ્ધ :**

**આરોપી** :– ૧. **શ્રી દિવ્યેશ હર્ષદભાઈ પટેલ–એમ્પલોયર,**
પ્લોટ નં.૭૦૪, સેકટર–૬/બી,
ગાંધીનગર, ગુજરાત–૩૮૨ ૦૦૬.

૨. **અક્ષર ઈન્ફ્રા–સંસ્થા,**
પ્લોટ નં.૯/૪૮/૧, મુંડાજીનો વાસ,
રાંધેજા, ગાંધીનગર, ગુજરાત–૩૮૨ ૬૨૦.

**ગુન્હો** :– ઘી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વિસ) એકટ–૧૯૯૬ હેઠળનાં ઘી ગુજરાત બી.ઓ.સી. ડબ્લ્યુ રૂલ્સ ૨૦૦૩ નાં નિયમ ભંગ હેઠળની ફરિયાદ.

**આરોપી તરફે** : **વિ. વ. શ્રી આર. એ. મલેક.**

## –: ચૂ કા દો :–

૧. હાલનો ફોજદારી કેસ જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

૨. ફરિયાદીના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે :–

આ કામના ફરિયાદી **ઘી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વિસ) એકટ–૧૯૯૬** હેઠળ નિરીક્ષક તરીકે નિમાયેલા છે અને તેઓએ સંસ્થાની સાઈટ મુલાકાત લેતા જાણવા મળેલ કે, આરોપીએ સદર કાયદાની જોગવાઈનો ભંગ કરી **નિયમ–૫૫(૧), ૮૪, ૭૨(૫), ૭૨(૭), ૬૫, ૭૫ અને ૭૭ નો ભંગ** કરેલ છે. ફરિયાદીએ ફરિયાદ રજૂ કરતા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું જ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

૩. આરોપીના અધિકૃત પ્રતિનિધી આજરોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપી વતી હાજર અધિકૃત પ્રતિનિધીએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ,

છતાં આરોપી વતી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**૪.** હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**૫.** આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપી વતી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## **-: હુકમ ::-**

**૧.** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વિસ) રૂલ્સ ૨૦૦૩ ના નિયમ-૫૫(૧), ૮૪, ૭૨(૫), ૭૨(૭), ૬૫, ૭૫ અને ૭૭ ના ભંગ બદલ** ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૧૯૯૬ ની **કલમ-૪૭** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને ભંગ બદલ **કુલ રૂ.૭,૦૦૦/- (અંકે રૂપિયા સાત હજાર પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો **આરોપી નં.૨ ને એક માસની સાદી કેદની સજા** ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. ૦૯/૦૩/૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
મુખ્ય ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત નં.૧, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.